દાખલ તારીખ :–૦૨/૯/૨૦૨૦
નોંધ્યા તારીખ :૦૨/૯/૨૦૨૦
ફેસલ તારીખ :– ૩૦/૦૩/૨૦૨૬
સમયગાળો :– વર્ષ, માસ, દિવસ

---

**કડાણા ના મે.જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં,મુ.દિવડા કોલોની જી.મહીસાગર**

---

**ક્રિ.કેસ નં.૮૨૭/૨૦૨૦**
આંક :– ૯૧

***ફરીયાદી*** :– શ્રી સ ર કા ર.

***વિ રૂ ઘ્ધ...***

***આરોપી:–*** (૧)દિવ્યેશભાઈ ઉર્ફે અરુણ કાળુભાઈ પટેલીયા ઉ.વ.પુખ્ત
(૨) કનુભાઈ રામાભાઈ ખાંટ ઉ.વ.પુખ્ત
(૩) સંજયભાઈ પ્રતાપભાઈ પટેલીયા ઉ.વ.પુખ્ત
આરોપી નં.૧ અને ૩ રહે.મોટા ઘરોળા નં.ર લાડપુર, તા. કડાણા, જી. મહીસાગર

**ગુનો:– ઈ.પી.કો.કલમ–૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.**

---

ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી વી.આર.પંડયા
આરોપી તરફે વિ.વ.શ્રી એસ.આર.બારીયા

---

**–// ઠ રા વ //–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામનાં આરોપીઓએ તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યે મોજે દિવડા કોલોની જુની પીકચર ટોકીઝની કેબીન આગળની ચોકડી પાસે રોડ ઉપર આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદી તથા સાહેદ પરેશભાઈ પોતાની મો.સા નં.જી.જે.૧ ૭ એ.એલ .૨૬૦૫ ની લઈ જતા હતા તે વખતે આરોપી નં.૧ નાએ પાછળથી મો.સા ઉપર આવી ફરીયાદીની મો.સ ા.ને લાત મારી નીચે પાડી દઈ જુના ઝઘડાની અદાવત રાખી બોલા ચાલી ઝઘડો કરી સાહેદ પરેશભાઈ ને ગડદાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ

હોવાની ફરીયાદ આ કામના ફરીયાદીએ કડાણા પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે કડાણા પો.સ્ટે.સેકન્ડ.ગુ.ર.નં.૧૩/૧૯ થી ગુનો નોંધી આગળની તપાસ તપાસ કરનાર અમલદારને સોંપતા તપાસ કરનાર અધિકારી મારફત તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૨૫,૩૨૩,૫૦૪, ૫૦૬(૨) ,૧૧૪ મુજબના શીક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** આ કામના ત.ક. અમલદારે તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરતાં આરોપીઓને હાજર રહેવા સારૂ સમન્સ કાઢવામાં આવતાં, આરોપીઓ ને સમન્સ બજતાં,આરોપીઓ નામ.કોર્ટમાં હાજર રહેલ અને ત્યારબાદ આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૦૭ મુજબ વિના મૂલ્યે મળવાપાત્ર તપાસનાં કાગળોની નકલ આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીઓની આંક : ૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ઘડી આંક: ૫ થી ૭ પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં, સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ફરીયાદ પક્ષ તરફે આગળ ચલાવવામાં આવેલી.

**(૩)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) **<u>મૌખિક પુરાવા</u>** :–

| **અ.નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી રમેશભાઈ ચંદુભાઈ બારીયાનાઓ ની જુબાની | ૮૬ |
| ૨. | સાહેદ પરેશભાઈ શનાભાઈ ખાંટનાઓની જુબાની | ૮૮ |

(બ) **<u>દસ્તાવેજી પુરાવા</u>** :–

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૮૭ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૮૯ |
| ૩. | સારવારના સર્ટીફીકેટ | ૯૦ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે આંક–૯૧ થી પુરાવા બંધની પુરશીશ રજુ થતા પુરાવો બંધ કરવામાં આવેલ છે. રજુ પુરાવો જોતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીઓનો વિશેષ જવાબ નોંધવો જરૂરી જણાયેલ ન હોઈ જે નોંધવામાં આવેલ નથી.

(૪) ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રીની દલીલો સાંભળેલ છે.

**(૫) આ કામે નીર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**૧.** શું ફરીયાદપક્ષ ની:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યે મોજે દિવડા કોલોની જુની પીકચર ટોકીઝની કેબીન આગળની ચોકડી પાસે રોડ ઉપર આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદી તથા સાહેદ પરેશભાઈ પોતાની મો.સા નં.જી.જે.૧૭ એ.એલ .૨૬૦૫ ની લઈ જતા હતા તે વખતે આરોપી નં.૧ નાએ પાછળથી મો.સા ઉપર આવી ફરીયાદીની મો.સ । ને લાત મારી નીચે પાડી દઈ જુના ઝઘડાની અદાવત રાખી બોલા ચાલી ઝઘડો કરી સાહેદ પરેશભાઈ ને ગડદાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી સદર કોર્ટની હકુમતમાં ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૬) ઉપરોકત મુદ્દાઓના નીર્ણય નીચે મુજબ છે.**

**૧.** નકારાત્મક.

**૨.** આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

## -//કારણો//-

**મુદ્દા નં.૧ :-**

(૭) ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે, ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે.સદર કામે અતિ મહત્વના સાહેદોનો પુરાવો ધ્યાને લેવો આવશ્યક છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક.૮૬ થી આ કામના **ફરીયાદી રમેશભાઈ ચંદુભાઈ બારીયા** ને તપાસવામા આવેલ છે જેઓ પોતાની સોગંદ પર ની સરતપાસની જુબાનીમા જણાવે છે કે બનાવ છ સાત વર્ષ પહેલા બનેલો બનાવ વખતે તેઓ તથા તેમના ભાઈનો સાળો પરેશભાઈ શાકભાજી લઈ પાંચેક વાગ્યે દિવડા જુની પીકચર ટોકીઝ પાસે ટ્રાફીક જામના કારણે ઉભા હતા અને તે વખતે આરોપી સાથે ડી.જે.લઈ જવા બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાઈ બનેલ નહી .બનાવ બાબતે પોતે ફરીયાદ આપેલ તેમ જણાવી ફરીયાદમા પોતાના સહી ઓળખી બતાવી ફરીયાદ આંક -૮૭ થી રજુ રાખેલ છે.

સદર ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલાં જાહેર કરતા, ફરીયાદીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

જયારે સદર ફરીયાદીની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી અને ટોળુ ભેગુ થઈ જતા ધકકામુકકીમા પડી જવાથી ઈજા થયેલી, તથા બનાવ વખતે ટોળામા કોણ શુ બોલતુ હતુ તે કહી શકે નહી તથા આવેશમા આવી પોતે ફરીયાદ

આપેલાની તથા ફરીયાદ જમાદારે લખેલી હોવાની તથા તેમા પોતે માત્ર પોતાની સહી કરેલાની અને હાલ તેમના ગામે તેઓ સુખરુપ રહેતા હોવાની હકીકત કબુલ રાખેલ છે.

આમ,સદર ફરીયાદી કે જેઓ આ કામના મુખ્ય અસરકર્તા સાહેદ છે તેઓ તેમની જુબાનીમા તેમને આરોપીઓ સાથે તેઓ તથા તેમના ભાઈનો સાળો પરેશભાઈ શાકભાજી લઈ પાંચેક વાગ્યે દિવડા જુની પીકચર ટોકીઝ પાસે ટ્રાફીક જામના કારણે ઉભા હતા અને તે વખતે આરોપી સાથે ડી.જે.લઈ જવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે હકીકતનો સ્વિકાર કરેલ છે અને તેઓને બનાવ વખતે ટોળુ ભેગુ થઈ જતા ધકકામુકકીમા પડી જવાથી ઈજા થયેલી, તથા બનાવ વખતે ટોળામા કોણ શુ બોલતુ હતુ તે કહી શકે નહી તથા આવેશમા આવી પોતે ફરીયાદ આપેલાની તથા ફરીયાદ જમાદારે લખેલી હોવાની તથા તેમા પોતે માત્ર પોતાની સહી કરેલાની અને હાલ તેમના ગામે તેઓ સુખરુપ રહેતા હોવાની હકીકત કબુલ રાખેલ છે. આમ સદર ફરીયાદી પોતાની આખી જુબાનીમાં ફરીયાદની કે ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશ માત્ર સમર્થન આપતાં ના હોય તેમની જુબાની પરથી આરોપીઓ વિરુધ્ધનુ તહોમત પુરવાર માની શકાય તેમ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક.૮૮ થી આ કામના **સાહેદ પરેશભાઈ શનાભાઈ ખાંટ** ને તપાસવામા આવેલ છે જેઓ પોતાની સોગંદ પર ની સરતપાસની જુબાનીમા જણાવે છે કે બનાવ છ સાત વર્ષ પહેલા બનેલો બનાવ વખતે તેઓ તથા તેમના વેવાઈ શાકભાજી લઈ પાંચેક વાગ્યે દિવડા જુની પીકચર ટોકીઝ પાસે ટ્રાફીક જામના કારણે ઉભા હતા અને તે વખતે આરોપી સાથે ડી.જે.લઈ જવા બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાઈ બનેલ નહી .બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ ન હોવાની હકીકત જણાવે છે તથા આરોપીઓને ઓળખતા હોવાનુ જણાવે છે.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલાં જાહેર

કરતા, સોહદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી અને ટોળુ ભેગુ થઈ જતા ધકકામુકકીમા પડી જવાથી ઈજા થયેલી, તથા બનાવ વખતે ટોળામા કોણ શુ બોલતુ હતુ તે કહી શકે નહી તથા હાલ તેમના ગામે તેઓ સુખરુપ રહેતા હોવાની હકીકત કબુલ રાખેલ છે.

આમ,સદર સાહેદ કે જેઓ આ કામના ઈજા પામનાર સાહેદ છે તેઓ તેમની જુબાનીમા તેમને આરોપીઓ સાથે તેઓ તથા તેમના વેવાઈને શાકભાજી લઈ પાંચેક વાગ્યે દિવડા જુની પીકચર ટોકીઝ પાસે ટ્રાફીક જામના કારણે ઉભા હતા અને તે વખતે આરોપી સાથે ડી.જે.લઈ જવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે હકીકતનો સ્વિકાર કરેલ છે અને તેઓને બનાવ વખતે ટોળુ ભેગુ થઈ જતા ધકકામુકકીમા પડી જવાથી ઈજા થયેલી, તથા બનાવ વખતે ટોળામા કોણ શુ બોલતુ હતુ તે કહી શકે નહી તથા હાલ તેમના ગામે તેઓ સુખરુપ રહેતા હોવાની હકીકત કબુલ રાખેલ છે. આમ સદર સાહેદ પોતાની આખી જુબાનીમાં ફરીયાદની કે ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશ માત્ર સમર્થન આપતાં ના હોય તેમની જુબાની પરથી આરોપીઓ વિરુધ્ધનુ તહોમત પુરવાર માની શકાય તેમ નથી.

(૧૦) બચાવપક્ષે વિ.વ.શ્રીના સમંતીના શેરા આધારે આંક-૮૯ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે. પરંતુ, સદર પંચનામાના પં ચ સાહેદોને ફરીયાદપક્ષે તપાસેલ નથી. જેથી સદર પંચનામાની હકીકત પુરવાર માની શકાય તેમ નથી. તે ઉપરાંત આ કામે આંક -૯૦ થી સાહેદ ના સારવારનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે પરંતુ તેના તબીબી સાહેદને આ કામે તપાસવામા આવેલ નથી. વળી આ

કામના મુખ્ય અસરકર્તા સાહેદ જ તેમની જુબાનીમા ફરીયાદ મુજબના બનાવની હકીકત ને સમર્થન આપતા ન હોઈ પંચનામાની તથા સારવાર ના સર્ટીફીકેટ ની ઈજાઓની હકીકત માની લેવામા આવે તો પણ હાલનો ગુનો હાલના આરોપીઓએ નીપજાવેલ હોય તેમ માની શકાય તેમ નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓને તેમના વિરૂધ્ધના તહોમતમાં તકસીરવાર ઠરાવી શકાય તેવો પુરાવો ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી.આમ આ કામે ફરીયાદ મુજબ ફરીયાદી કે સાહેદ પોતાની આખી જુબાનીમા ફરીયાદપક્ષના કેસની કોઈ હકીકત ને કે આરોપીઓ ધ્વારા તેમને ઈજા પહોંચાડેલ હોવાની કોઈ હકીકત પોતાની કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવતા નથી. આમ રજુ રેકર્ડને આધારે સાહેદને તેમા જણાવ્યા મુજબ ઈજા થયેલ હોવાનુ માની લેવામા આવે તો પણ તે ઈજા હાલના આરોપીઓએ પહોંચાડેલ હોય તેવું ફરીયાદી કે સાહેદની જુબાની પરથી પુરવાર થતુ નથી.આમ ખુદ ફરીયાદી કે સાહેદ ફરીયાદની કે ફરીયાદ પક્ષ ના કેસની હકીકત ને સમર્થન આપતા ન હોઈ આ કામે અન્ય સાહેદો તપાસવાથી કેસના આખરી પરીણામમાં કોઈ અસર પડે તેમ ન હોઈ અન્ય સાહેદો ન તપાસી ફરીયાદ પક્ષે કોર્ટ નો મુલ્યવાન સમય બચાવેલ છે .

**(૧૧)** આમ,ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરતા આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શક રીતે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોવાનું જણાય છે જેથી મુદ્દા નં.૧ પરત્વે નિર્ણય ''**નકાર**''માં આપી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

***-//હુકમ//-***

- આ કામના આરોપી **નં.(૧)દિવ્યેશભાઈ ઉર્ફે અરુણ કાળુભાઈ પટેલીયા ઉ.વ.પુખ્ત(૨) કનુભાઈ રામાભાઈ ખાંટ ઉ.વ.પુખ્ત(૩) સંજયભાઈ પ્ર તાપભાઈ પટેલીયા ઉ.વ.પુખ્ત આરોપી નં.૧ અને ૩ રહે.મોટા ઘરોળા નં .૨ લાડપુર, તા. કડાણા, જી. મહીસાગર**નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૪ ૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ- ૩૨૫,૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે છ માસની મુદત સુધીના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૩૦ મી માહે માર્ચ ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહીત)
જયુડીશીયલ.મેજીસ્ટ્રેટ.ફ.ક.
કડાણા, જી. મહીસાગર
જજ કોડ નં.જીજે–૦૧૧૮૫

સ્થળ:–દિવડાકોલોની.

//સેલ્ફ//